| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | 13–08–2022 |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

## મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રીમી. કેસ નં–૫૮૭૦૨/૨૧**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – સિરાજ કનકદિન
રહે.રાજકોટ.

**ગુનો – ભારતીય દંડ સહિતાની ક.–૨૬૯, જી.પી.એકટ–૧૩૫ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઇ.પી.કોડની ક.૨૬૯ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ઘ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી.આરોપીએ કરેલ ગુનામાં છ માસની કેદ અથવા દંડ અથવા બન્ને જોગવાઇ

છે. જયારે જી.પી.એકટની ક.૧૩૫ વંચાણે લેતા તેમાં ૩૭, ૩૯ કે ૪૦ હેઠળ જાહેર થયેલ જાહેરનામાના ભંગ માટે સજાની જોગવાઈ છે અને હાલના કામનુ નોટીફીકેશન ક્રીમી. પ્રોસી. કોડની ક.૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ છે. જેના ભંગ બદલ સજાની જોગવાઈ ક.૧૩૫માં કરવામાં આવેલ નથી. આમ ઈ.પી.કોડની ક.૨૬૯માં કોર્ટને કાયદા દ્વારા સત્તા આપવામાં છે કે તે દંડ અથવા સજા અથવા બન્ને કરી શકે. હાલના કામે દંડ કેટલો કરવો તેની મનસુફી કોર્ટ ઉપર છોડેલ છે. સજા કોર્ટ ઉઠતા સુધીથી લઈ છ માસ સુધી કરી શકાય તેમ છે. જેથી સદર કેસની હકિકત વંચાણે લેતા, આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત કોરોના મહામારી પછી ઉપસ્થીત થયેલ પરિસ્થીતી ધ્યાને રાખતા વ્યાજબી અને ઉચીત નીર્યણ કરવો જરૂરી જણાય છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// <u>હુકમ</u> ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ ઈ.પી.કોડની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫ના ગુનાઓ કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનાઓ કરવા બદલ કુલ્લે રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે બાબતે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઈ હુકમ ન હોય તો વાહનની માલીકીની ખરાઈ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલ બાબતે નીયમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.13–8–22 ની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ તા.13–8–22
સ્થળઃ રાજકોટ.

સ્પે.સીટીંગ મેજીસ્ટ્રેટ
(ટ્રાફીક), રાજકોટ.